# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) ગુજરાત યુનિવર્સિટીનાં પદવીદાન સમારોહમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતીમાં જાદુ અને નોલેજ પણ છે.
2) શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ અમદાવાદથી પ્રયાગરાજ એસી વોલ્વો બસ સેવા શરૂ કરી.
3) અમૂલ ડેરીએ દૂધની ત્રણ પ્રોડક્ટનાં ભાવમાં એક-એક રૂપિયાનો ઘટાડો કર્યો.
4) અમદાવાદ સાયન્સ સિટી ખાતે “રોબોફેસ્ટ ગુજરાત”ની ચોથી આવૃત્તિની ગ્રાન્ડ ફિનાલેનું થયેલું સમાપન.
5) સૌરાષ્ટ્ર અને દિલ્હી વચ્ચે રાજકોટમાં રમાયેલી રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્રનો વિજય થયો.

----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Guj. University

ગુજરાત યુનિવર્સિટીનો 73મો પદવીદાન સમારોહ આજે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુની અધ્યક્ષતામાં યોજાયો.

આ પદવીદાન સમારોહમાં 240 વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક તેમજ લૉ વિભાગની વિદ્યાર્થીનીને LLBમાં પ્રથમ ક્રમે આવવા બદલ કુલ 11 જેટલા સુવર્ણચંદ્રક આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વેંકૈયા નાયડુએ જણાવ્યું કે, ગુજરાતની ધરતીમાં જાદુ અને નોલેજ પણ છે. જ્ઞાનની સાથે એક ઉમદા ચરિત્રનું ઘડતર પણ ખૂબ જરૂરી છે. તેમણે આજના યુવાનોને માતૃભાષાને માન આપવાની અપીલ કરી હતી. તેમણે આધુનિક સ્માર્ટ ગેજેટના વપરાશની સાથે સાથે પરિવારના સભ્યો સાથે સમય વ્યતીત કરી જિંદગીના ઉમદા પાઠો શીખવા યુવાનોને અપીલ કરી હતી.આ પ્રસંગે તેમણે યુવાનોને ઉચ્ચ ધ્યેય, ઉંચા સપનાઓ અને સખત મહેનતનો નારો આપ્યો હતો. તેમણે દરેકને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ પણ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# Mahakumbh - Bus

શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ અમદાવાદથી પ્રયાગરાજ એસી વોલ્વો બસ સેવા શરૂ કરી છે.

ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં વાહનવ્યવહારમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે, આગામી 27 જાન્યુઆરીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સરકિટ હાઉસથી આ સેવાનો પ્રારંભ કરાવશે. એસી વોલ્વો બસ દરરોજ સવારે સાત વાગે અમદાવાદનાં રાણીપ એસ.ટી. ડેપોથી પ્રયાગરાજ જશે.

(બાઈટ – હર્ષ સંઘવી, મંત્રી)

પ્રયાગરાજ પેકેજનું બુકિંગ આવતીકાલથી એસટી નિગમની વેબસાઈટ www.gsrtc.in મારફતે કરી શકાશે.

. . . . . . . . . . . . .

# Savpur Gram Panchayat

ભારત પાકિસ્તાનની સરહદ નડાબેટની નજીક આવેલા બનાસકાંઠા જિલ્લાની સવપુરા ગ્રુપ ગ્રામપંચાયતે સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ અનેક યોજનાઓ દ્વારા ગામનો વિકાસ કર્યો છે. જેના પરિણામે 26મી જાન્યુઆરીએ દિલ્હીમાં યોજાનારી પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગામના પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા રાષ્ટ્રપતિ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પ્રસ્તુત છે એક અહેવાલ......

(વોઈસ કાસ્ટ – સવજી ચૌધરી)

આ અંગે વધુ માહિતી આપે છે. સવપુરા ગ્રામ પંચાયતનાં સરપંચ અમરાભાઈ ચૌધરી...

(બાઈટ – અમરાભાઈ ચૌધરી, સરપંચ)

. . . . . . . . . . . . .

# Republic Day – Tapi

દિલ્હીમાં યોજાનાર પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં તાપી જિલ્લાની દિવ્યાંગ દિકરી ગૌરી શાર્દુલને આમંત્રણ મળતાં પરિવારમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, વ્યારાના કાકરાપાર ટાઉનશીપમાં રહેતી આંખોથી દિવ્યાંગ ગૌરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના “મન કી બાત” કાર્યક્રમમાં સહભાગી પણ બની છે. ગૌરીએ પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો..

(બાઈટ – ગૌરી શાર્દુલ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# Amul Milk

અમૂલ ડેરીએ અમૂલ દૂધની ત્રણ પ્રોડક્ટનાં ભાવમાં ઘટાડો કર્યો છે. અમૂલ ગોલ્ડ, તાજા અને ટી સ્પેશ્યિલનાં એક લિટરનાં પાઉચનાં ભાવમાં એક-એક રૂપિયાનો ઘટાડો કર્યો છે. દૂધનાં ભાવમાં ઘટાડો આજથી લાગુ કરાયો છે.

અમૂલ ટી સ્પેશિયલ દૂધનો એક લીટરનો જૂનો ભાવ 62, અમૂલ ગોલ્ડનો 66 અને અમૂલ તાજાનો 54 રૂપિયા હતો. જે હવે નવા ભાવ પ્રમાણે અમૂલ ટી સ્પેશિયલ 61, અમૂલ ગોલ્ડ 65 અને અમૂલ તાજાનો ભાવ 53 રૂપિયા થશે. અમૂલ ડેરીએ તેની ત્રણેય પ્રોડક્ટ ભાવમાં એક-એક રૂપિયા ઘટાડો કર્યો છે.

. . . . . . . . . . . . .

# Kanu Desai - Navsari

નવસારી જિલ્લામાં આદિજાતિ વિસ્તારનાં સર્વાંગી વિકાસ માટે ન્યુ ગુજરાત પેટર્ન 2024-25 યોજના હેઠળ 35 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈના 701 કામોને બહાલી આપવામાં આવી.

નાણામંત્રી કનુ દેસાઈના અધ્યક્ષસ્થાને મળેલી નવસારી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં વલસાડના ધારસભ્ય ધવલ પટેલ અને ધારાસભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# SCIENCE CITY-ROBOTICS GUJARAT -4.0

સાયન્સ સિટી, અમદાવાદ ખાતે આજે રોબોટિક્સ સ્પર્ધા “રોબોફેસ્ટ ગુજરાત” ની ચોથી આવૃત્તિની ગ્રાન્ડ ફિનાલેનું સમાપન સમારોહ યોજાયો. વિજેતા ટીમોને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

દેશની સૌથી મોટી રોબોટિક્સની આ સ્પર્ધામાં STEMના વિદ્યાર્થીઓએ ટુ વ્હીલ્ડ સેલ્ફ બેલેન્સિંગ રોબોટ, સબમરીન અથવા અંડરવોટર રોબોટ, રોવર્સ, સહિત સાત કેટેગરીમાં રોબોટ્સનું પ્રદર્શન કર્યું હતુ,

આ પ્રસંગે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ સુશ્રી મોના ખંધારે જણાવ્યું હતું કે, MSME ક્ષેત્રના પડકારોને ઉકેલવા માટે જરૂરી તમામ સ્ત્રોતોની વ્યવસ્થા કરવા વિભાગ સજ્જ છે. સાયન્સ સિટીના કાર્યકારી નિયામક સુધીર પટેલે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

**(બાઇટ –સુધીર પટેલ , કાર્યકારી નિયામક, સાયન્સ સિટી)**

. . . . . . . . . . . . .

# Bird Counting - Surendranagar

નળ સરોવર પક્ષી અભ્યારણ ખાતે 25 અને 26મી જાન્યુઆરીએ જળાશયના પક્ષીઓની પ્રાથમિક ગણતરી કરવામાં આવશે.

અગ્ર મુખ્ય વન સંરક્ષકના જણાવ્યા મુજબ પક્ષી ગણતરી દરમ્યાન બે દિવસ નળ સરોવર પક્ષી અભ્યારણ પ્રવાસીઓ માટે બંધ રહેશે. પક્ષી ગણતરીનાં કાર્યમાં ખલેલ ન પહોંચે તે માટે વનવિભાગને સહયોગ આપવા લોકોને અપીલ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# MUNDRA CUSTOMS

મુન્દ્રા કસ્ટમ્સ વિભાગે 150 કરોડ રૂપિયાના ટ્રામાડોલ ગોળીઓનાં જથ્થાનો નાશ કર્યો છે. કસ્ટમ્સ વિભાગ મુન્દ્રાએ 2024માં આફ્રિકા જતી નિકાસ કન્સાઇન્મેન્ટમાંથી 94 લાખ ટ્રામાડોલ ગોળીઓ, જપ્ત કરી હતી, તેનો કચ્છના ભચાઉ ખાતે નાશ કરવામાં આવ્યો છે. NDPS એક્ટ-2018 હેઠળ ટ્રામાડોલને સાયકોએક્ટિવ ડ્રગ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું ત્યારથી આ સૌથી મોટી જપ્તી માનવામાં આવે છે. આ કામગીરી, ભારતીય કસ્ટમ્સ વિભાગની ડ્રગ હેરફેર સામે લડવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે

. . . . . . . . . . . . .

# Ranji Match

સૌરાષ્ટ્ર અને દિલ્હી વચ્ચે રાજકોટમાં રમાયેલી રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્રનો વિજય થયો છે.

ગઈકાલે પ્રથમ દાવમાં દિલ્હીને 188 રન બનાવ્યા હતા જેની સામે સૌરાષ્ટ્રે 271 રન બનાવ્યા હતાં. અને આજે બીજા દિવસે દિલ્હીની ટીમ બીજા દાવમાં 94 રનમાં આઉટ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્રે જીત માટે 12 રનની જરૂર હતી. જે સૌરાષ્ટ્રની ટીમે 19 બોલમાં પૂરા કર્યાં હતાં. 10 વિકેટે વિજય મેળવ્યો હતો. રવિન્દ્ર જાડેજા ગઈકાલે પાંચ અને આજે સાત વિકેટ સાથે મેચમાં કુલ બાર વિકેટ ઝડપી હતી. જાડેજાને પ્લેયર ઓફ મેચનો ખિતાબ આપવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .